# જૈન ઇતિહાસ પ્રશ્નપત્ર

## (પુસ્તક આધાર - 'જૈન ઇતિહાસ', લેવલ 1, સેમિસ્ટર 2, પ્રકરણ 14-28)

---

## સૂચના

1) ઉત્તરપત્રમાં ફૂલસ્કેપ સિંગલ લાઈન પેપરમાં બ્લૂ પેનથી માત્ર જવાબ લખવા. કોઈ પણ સવાલ લખવા નહિ. જવાબક્રમ સાચો લખવો. પોતાની મહેનત કરીને જવાબો લખવા.

2) ઉત્તરપત્ર તારીખ 15 ઓક્ટોબર, 2026 સુધીમાં નીચેના સરનામે રૂબરૂ આપવાનું રહેશે અથવા કુરિયર કે પોસ્ટથી મોકલવાનું રહેશે. વ્હોટ્સઅપ વગેરે માધ્યમથી મોકલાવેલું ઉત્તરપત્ર નહીં ચાલે. ઉત્તરપત્ર મોડું આવશે કે ગેરવલ્લે જશે તો તેની જવાબદારી મોકલનારની જ રહેશે.

3) પરીક્ષાનું પરિણામ 1 ડિસેમ્બર, 2026 ના દિવસે જાહેર કરવામાં આવશે.

5) સાચા ઉત્તરો અંગે આખરી નિર્ણય પરીક્ષકનો રહેશે અને સ્વચ્છતા પર પણ ધ્યાન આપવામાં આવશે.

6) વધારે વિગત માટે સંપર્ક કરો - +91 78620 07078 (માત્ર વ્હોટ્સઅપ મેસેજ)

7) ઉત્તરપત્રમાં આટલી વિગત અવશ્ય લખવી: નામ, પુરુષ / સ્ત્રી, ઉંમર વર્ષ, સરનામું, વ્હોટ્સઅપ નંબર

8) 70% થી ઉપર લાવનારને ONLINE સર્ટિફિકેટ મોકલાવવામાં આવશે.

**પુસ્તક મેળવવાનું તથા ઉત્તરપત્ર મોકલવાનું સ્થળ :**

**Mandan Bhavan (Office time : Mon to Sat - 10AM to 5PM)**

Flat No 3, Unnati Sadan, Jain Mandir Road,

Daulat Nagar, Borivali East,

Mumbai 400066 Mo. +91 7862007078

**પારિતોષિક**

**(લેવલ 1 ના બંને પ્રશ્નપત્રનું ભેગું)**

**પ્રથમ :** ₹25,000
**દ્વિતીય :** ₹11,000
**તૃતીય :** ₹5,000
**ચતુર્થ :** ₹3,000
**પંચમ :** 1,000 રૂ. (5 વ્યક્તિઓને)

---

**આયોજન - A Ray of Hope    આર્થિક સૌજન્ય : મંડન પરિવાર**

---

## પ્રશ્નપત્ર (કુલ માર્ક્સ - 100)

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના જવાબમાં આપેલા વિકલ્પમાંથી સાચા જવાબ લખો. (10 માર્ક્સ)**

(1) 'શૂરવીરતા માત્ર ક્ષત્રિયો જ બતાવી શકે' આ મેણાને ભાંગનાર વાણિયો કોણ હતો?
(ક) ખારવેલ (ખ) કુમારપાળ (ગ) સિદ્ધરાજ (ઘ) ઉદો મહેતા

(2) દિગંબર મતનો ભેદ કઈ વિક્રમસંવતમાં ઉદ્ભવ્યો હતો?
(ક) 609 (ખ) 606 (ગ) 70 (ઘ) 83

(3) "LONG BEFORE BRAHMINISM DEVELOPED INTO HINDU DHARMA, JAINISM WAS PREVALENT IN THIS COUNTRY.", આ કોણે કહ્યું હતું?
(ક) જસ્ટિસ રેંગનેકર (ખ) ડો. હર્મન જેકોબી (ગ) પ્રો. વિન્ટરનિટ્ઝ (ઘ) ડો. એલ. પી. ટોસીટોરી

(4) માણેકચંદ શેઠને ધર્મમાર્ગે લાવનાર આચાર્ય ભગવંતનું નામ શું હતું?
(ક) આચાર્યશ્રી વિમલઆનંદસૂરિજી (ખ) આચાર્યશ્રી આનંદવિમલસૂરિજી
(ગ) આચાર્યશ્રી આત્મારામસૂરિજી (ઘ) આચાર્યશ્રી વિમલચંદ્રસૂરિજી

(5) આ અવસર્પિણીમાં અંતિમ કેવલી કોણ હતા?

(ક) ગૌતમસ્વામી (ખ) સુધર્માસ્વામી (ગ) જંબૂસ્વામી (ઘ) પ્રભવસ્વામી

(6) સહસ્ત્રકૂટની રચના કયા આચાર્ય ભગવંતે કરી?

(ક) આચાર્ય વિજયસિંહસૂરિજી (ખ) આચાર્ય વિજયહીરસૂરિજી

(ગ) આચાર્ય વિજયસેનસૂરિજી (ઘ) આચાર્ય વિજયવિલાસૂરિજી

(7) દિગંબર મતની શરૂઆત કરનાર કોણ હતા?

(ક) મરુભૂતિ (ખ) શિવભૂતિ (ગ) વશીભૂતિ (ઘ) ચંડભૂતિ

(8) હરિભદ્રસૂરિ મહારાજ કયા કુળની પરંપરામાં થયા હતા?

(ક) નાગેન્દ્ર (ખ) ચંદ્ર (ગ) નિર્વૃતિ (ઘ) વિદ્યાધર

(9) નીચેનામાંથી કયું અંગ આગમ છે?

(ક) ઔપપાતિક (ખ) ગણિવિદ્યા (ગ) પ્રશ્નવ્યાકરણ (ઘ) નંદીસૂત્ર

(10) સ્તૂપ-સ્થાપત્યનું સૌથી મહત્ત્વનું અંગ કયું છે?

(ક) હર્મિકા (ખ) વેદિકા (ગ) છત્ર (ઘ) દંડ

## પ્રશ્ન-2 આપેલા વિકલ્પોમાંથી અસંબદ્ધ વિકલ્પ શોધો. (10 માર્ક્સ)

(1) (ક) પ્રભાવતી (ખ) પદ્માવતી (ગ) ક્ષમાવતી (ઘ) મૃગાવતી

(2) (ક) શત્રુંજય તીર્થ (ભ) ગિરનાર તીર્થ (ગ) રાણકપુર તીર્થ (ઘ) શંખેશ્વર તીર્થ

(3) (ક) લોકમાન્ય તિલક (ખ) જસ્ટિસ રૈંગનેકર (ગ) ડૉ. હર્મન જેકોબી (ઘ) ડૉ. દીનાનાથ પંડિત

(4) (ક) સાચો ભક્ત (ખ) ઉદારદિલનો દાતા (ગ) મહાજ્ઞાની (ઘ) પરાક્રમી પુરુષ

(5) (ક) લચ્છવાડ મંદિર (ખ) જલમંદિર (ગ) ગાંવમંદિર (ઘ) સમવસરણ મંદિર

(6) (ક) પુષ્યમિત્ર (બ) વક્રરાય (ગ) વિદુરરાય (ઘ) ખારવેલ

(7) (ક) Jain Philosophy (ખ) Karma Philosophy (ગ) Yoga Philosophy (ઘ) Soul Philosophy

(8) (ક) જગડુશાહ (બ) જિનશાસનરત્ન (ગ) જગડુ દાતાર (ઘ) જગતીયા બાપા

(9) (ક) વૈરોટ્યા દેવી (બ) સંતિકરં (ગ) આર્ય નંદિલ (ઘ) પુંડરીક તપ

(10) (6) દશવૈકાલિક સૂત્ર (બ) આવશ્યક સૂત્ર (ગ) ઉત્તરાધ્યયન સૂત્ર (ઘ) આચારાંગ સૂત્ર

## પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો. (15 માર્ક્સ)

(1) આનંદ શ્રાવકને પ્રતિમાના વહન કરવા દ્વારા શેની પ્રાપ્તિ થઈ?

(2) આયાગપટ્ટ એટલે શું?

(3) દ્રવ્યપરીક્ષા ગ્રંથ કોણે લખ્યો?

(4) ગુજરાતની સ્થાપના કયા રાજાએ કરી?

(5) સમ્રાટ ખારવેલના યશસ્વી કાર્યોની સાબિતી આપતો લેખ ક્યાં ઉપલબ્ધ છે?

(6) જૈનોનું 'શાહ'નું બિરુદ કોણે કાયમ રાખ્યું?

(7) ચેટક રાજાની કઈ દીકરીએ લગ્ન ન કર્યાં હતાં?

(8) આપણી આગમજ્ઞાનની ગંગોત્રીની શરૂઆત ક્યાંથી થઈ?

(9) વૈરોટ્યાની વિહ્વળતામાં સાંત્વના કયા ગુરુ મહારાજે આપી?

(10) વજ્રસેનસૂરિજી પાસે કપર્દીએ કયું તપ કરવાનો નિયમ લીધો ?

(11) 3 વર્ષના દુષ્કાળમાં જગડુશાહે કેટલા કિલો અનાજનું વિતરણ કર્યું?

(12) નવાંગી ટીકાકાર તરીકે કયા આચાર્ય ભગવંત પ્રખ્યાત છે?

(13) હાલમાં વિદ્યમાન તમામ ગચ્છો કયા કુળની પરંપરામાં છે?

(14) કલિંગજિનની પ્રતિમાની પ્રતિષ્ઠા કોણે કરી હતી ?
(15) પ્રભુ વીર ઉપદેશ કઈ ભાષામાં આપતા હતા?

## **પ્રશ્ન-4 નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે જણાવો. (10 માર્ક્સ)**

1. વત્સ! તું કોણ છે? અને ક્યાંથી આવે છે?
2. મહારાજ! આપે અત્યાર સુધી અમારું રક્ષણ કર્યું છે, વળી પોતાની જન્મભૂમિ માટે અમારી પણ કંઈક ફરજ છે.
3. જો તું તારા ધર્મને નહિ છોડે તો આ તલવારથી તારું જીવન હમણાં જ ખતમ કરી દઈશ.
4. ભાઈ! આ ભૂમિ પણ તમારી અને ધન પણ તમારું, મારે કાંઈ લેવાદેવા નહિ.
5. હવે હું લાંબું જીવીશ નહિ, પરંતુ મારી પ્રતિજ્ઞાઓ પૂરી નહિ થાય, તો હું દેવઋણમાંથી મુક્ત નહિ થઉં.
6. હે ભગવંત! જો આપના કહેવા પ્રમાણે થશે, તો અમે સહકુટુંબ આપની પાસે દીક્ષા ગ્રહણ કરીશું
7. હું તળાવમાં ડૂબકી મારીને ઉપર ન આવું ત્યાં સુધી તારે કોઈનો સંહાર ન કરવો.
8. હે ભગવંત! આપે મને શા માટે યાદ કર્યો?
9. જો અમને આ વાતની ખબર હોત તો અમે તેની સેવા કરત, પણ અમારી સેવા તો ન કરાવત.
10. આ અનાજ તો મેં આપી દીધું છે.

## **પ્રશ્ન-5 નીચે આપેલા સવાલોના ટૂંકમાં જવાબ લખો. (15 માર્ક્સ)**

(1) લોકોત્તર પિતા-પુત્ર પ્રેમ કોનો વખણાય છે અને તેના થકી જિનશાસનને કયા ગ્રંથની અમૂલ્ય ભેટ મળી?
(2) જિનશાસનના શાસનધ્વજની માહિતી આપો.
(3) મહાપારિષ્ઠાપનિકા એટલે શું?
(4) પ્રભુની શ્રેષ્ઠ ભક્તિ કરનારા શ્રાવક (ગોઠીઓ) માટેની શાંતિની વાત કયા સૂત્રમાં કયા પદથી કરી છે?
(5) ઉત્કૃષ્ટ દેશસેવાના બદલામાં ભામાશાએ શેની માંગણી કરી?
(6) દિગંબર સંપ્રદાયની સમ્રાટ ચંદ્રગુપ્તની વિષયની કઈ માન્યતા તેમના પોતાના ગ્રંથો દ્વારા મિથ્યા પુરવાર થાય છે?
(7) 'આણંદજી કલ્યાણજી પેઢી' આ નામ આપવા પાછળની શુભભાવના જણાવો.
(8) વીરચંદ ગાંધીએ સમેતશિખર પરની કઈ આફતને દૂર કરી હતી તે જણાવો.
(9) મહાકષ્ટે મળેલા દૂધપાકને બીજા કોઈ દ્વારા ઉપભોગમાં લેવાયો તે જાણ્યા પછી પણ વૈરોટ્યાના મુખમાંથી કયા શબ્દ નીકળ્યા ?
(10) પ્રભુ વીર દ્વારા ઈન્દ્રભૂતિ વગેરેની ગણધરપદે સ્થાપના ક્યારે અને કયા ક્ષેત્રમાં થઈ?
(11) જૈન સ્થાપત્યનાં ક્ષેત્રોમાં જૈનોની એક ગંભીર ઐતિહાસિક બેદરકારી જણાવો.
(12) નાગેન્દ્ર કુળની પરંપરામાં થયેલા પ્રભાવક પુરુષો જણાવો.
(13) મહામંત્રી ઉદયન દ્વારા પોતાનાં કાર્યો દ્વારા અહિંસાની મજાક કરનારાઓને કયો જડબાતોડ જવાબ અપાયો હતો?
(14) વજ્રસ્વામીએ વજ્રસેનસૂરિજીને દુષ્કાળ બાબતે કઈ સૂચના આપી હતી?
(15) જૈન સંઘની ઉન્નતિનું મુખ્ય કારણ હંમેશા કયું રહ્યું છે?

## **પ્રશ્ન-6 સવિસ્તાર જવાબ આપો. (25 માર્ક્સ)**

1. જૈન ધર્મના શાસનધ્વજ તથા ચિહ્નો વિશેની માહિતી આપો.
2. આગમોના પ્રકારો જણાવી તેમાંથી કોઈ પણ 3 અંગની માહિતી આપો. (45 આગમોનાં નામ લખવાં)
3. વિશિષ્ટ એવા જીવવિચાર ગ્રંથ પર વિસ્તૃત નોંધ લખો.
4. વિશિષ્ટ જૈન સ્થાપત્યોમાં કયા-કયા પ્રકારનો સમાવેશ થાય છે તેમાંથી કોઈ પણ 3 પર માહિતી આપો.
5. સમ્રાટ ખારવેલનાં કાર્યોને ઉજાગર કરતું ચરિત્ર સવિસ્તાર જણાવો.

## **પ્રશ્ન-7 જૈન ઈતિહાસની જાગૃતિ ફેલાય તેના માટે તમારા પ્રયત્નો શું રહેશે? (15 માર્ક્સ)**

## A Ray of Hope વ્યાખ્યાનશ્રેણિ અંતર્ગત પુસ્તકો

| | | |
|---|---|---|
| V1 - V3 | જિનધર્મ: જીવન જીવવાની કલા | ધર્મ વિશે સમજણ અને સંવેદનાથી ઓતપ્રોત જીવનલક્ષી અભિગમ રજૂ કરતાં પ્રવચનો. (નૂતન આવૃત્તિ ૧ પુસ્તકમાં) |
| V4 - V5 | દર્શનં દેવદેવસ્ય | પ્રસિદ્ધ શ્લોકમાં વર્ણવાયેલી સમ્યગ્દર્શનની ૪ અલગ-અલગ ભૂમિકાઓનું વિશદ વિવેચન કરતાં પ્રવચનો. (નૂતન આવૃત્તિ ૧ પુસ્તકમાં) |
| V6 | ગુરુપૂર્ણિમા | ગુરુતત્ત્વ વિશે હૃદયસ્પર્શી તથા શાસ્ત્રીય અભિગમ રજૂ કરતાં પ્રવચનો. |
| V7 - V16 | આગમ અમૃત ૧-૧૦ | આગમિક પદાર્થોનું તલસ્પર્શી અદ્ભુત વિવેચન કરતાં પ્રવચનો. |
| V17- V25 | પ્રશમરતિ વિમર્શ ૧-૯ | પ્રશમરતિ-પ્રકરણના પદાર્થોનું આંતરિક ભાવજગત સાથે અનુસંધાન રચી આપતાં પ્રવચનો. |
| V26 - V27 | સંપિક્ખએ અપ્પગમપ્પગેણં ૧-૨ | અધ્યાત્મજગતનું અનન્ય માર્ગદર્શન આપતાં આ વચનના આધારે અત્યારના જીવનને સ્પર્શતું ચિંતન. |
| V30 - V31 | આગમ અવધૂત ૧-૪ | અવધૂત બનવું એ દુનિયા છોડવાનું નથી, પણ અંદરના ફેલાવાને સમજીને સમેટવાનું છે એ વિચારબિંદુ પર આધ્યાત્મિક સંઘર્ષથી અપાયેલાં પ્રવચનો. |
| V32 | ભક્તિવિમર્શ | ભક્તિ એ બિંદુના સિંધુમાં સમાઈ જવાની ઘટના છે. આ ભાવધારામાં ઘૂંટાયેલાં પ્રવચનો. |
| V33 - V34 | અધ્યાત્મ વિમર્શ ૧-૨ | સરળ રીતે અધ્યાત્મના પદાર્થોને રજૂ કરતાં પ્રવચનો. |
| V35 - V38 | આગમ અંજન ૧-૪ | પરમ માંગલિક આગમ વાણીનાં અદ્ભુત તત્ત્વોનો આસ્વાદ કરાવતાં પ્રવચનો. |

## A Ray of Hope અંતર્ગત અન્ય પુસ્તકો

| | |
|---|---|
| અનેકાંત પાઠશાળા | અનેકાંતના પ્રસ્થાપક પ્રભુ વીર તથા અનેકાંતના સમર્થક આચાર્યોના સહારે થયેલી યાત્રા દરમ્યાન અપાયેલાં અને ખૂબ વખણાયેલાં પ્રવચનોનું સંકલન. અહિંસા-અનેકાંતને પરસ્પરમાં ઘૂંટવાનો પ્રયત્ન. |
| જ્ઞાનપંચમીનાં દેવવંદન | દર જ્ઞાનપંચમીએ આરાધવામાં આવતાં દેવવંદન શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષ વિવેચન સહિત આમાં પ્રકાશિત થયાં છે. ચતુર્વિધ શ્રીસંઘે આ પ્રકાશનને ખૂબ વખાણ્યું છે. |
| શાસ્ત્રનિષ્ઠ સમાધાન 01 | શાસ્ત્ર, તર્ક, પરંપરા — આ બધાંને ધ્યાનમાં રાખીને અપાયેલાં 100 જિજ્ઞાસાઓનાં શાસ્ત્રીય સમાધાનો. શ્રીસંઘમાં ખૂબ વખણાયેલ જવાબોની સુંદર પ્રસ્તુતિ. |
| સૂત્રકૃતાંગ-વિમર્શ 01 | શ્રીસૂત્રકૃતાંગસૂત્રનાં 16 સાધનાસૂત્રોના ભાવનાધારામાં વહેતાં-વહેતાં થયેલા સ્વાધ્યાયનું સંકલન. પ્રભુ વીરની ખળખળ વહેતી નિર્મળ ઝરણા જેવી વાણી અને એ વાણીનો મર્મ ખોલી આપતી શ્રીશીલાંકાચાર્યની વિશદ વૃત્તિ – આના સહારે વિચરવાનો અને વિહરવાનો આ એક અનોખો આનંદ. |
| આત્મશુદ્ધિની પ્રક્રિયા | અનેક શાસ્ત્રોના આધારે તૈયાર થયેલી પ્રાયશ્ચિત્તની ધારા. ષડ્ આવશ્યક (પ્રતિક્રમણ) ની પાત્રતા વિકસાવવા માટે શાસ્ત્રમર્યાદામાં રહીને તૈયાર થયેલી આ પ્રક્રિયા છે. ષડ્ આવશ્યકની મૂળ વિભાવનાને ધ્યાનમાં રાખીને એને વર્તમાન ભાષામાં સંવેદનાસભર રીતે અભિવ્યક્ત કરવાનો આ પ્રયત્ન છે. |
| संवाद से समाधान १-३ | **विज़न जिनशासन – एक्शन प्लान 26-27 का सजीव दस्तावेज़। इसमें विशेषज्ञों के साथ हुए संवादों और समाज से प्राप्त विचारों को एक मंच पर लाकर समाधान की दिशा दिखाई गई है। यह ग्रंथ आज की चुनौतियों को समझते हुए श्रावक-श्राविकाओं को जोड़ता है।** |